જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૪/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૯ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

લુંટઃ– **સમાચાર યાદી નં.૫૬૪/૨૦૨૬**

બોડકદેવઃ મુલસિંગ શિવજી પુરોહીત (ઉ.વ.૫૭)(રહે.વર્ધમાન ફ્લેટ, અર્જુન ટાવર પાસે ઘાટલોડીયા) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૬ સવારના ૩/૪૫ વાગ્યાના સુમારે થલતેજ ભાઈકાકાનગર બસ સ્ટેશન સામે સહજાનંદ કોમ્પલેક્ષના બીજા માળે ઓફીસ નં– ૦૨૦૧ "હોટલ રાજવંશી ગેસ્ટ હાઉસ" ખાતે ચાર અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી મેનેજર ગીરીરાજ મીણા ને રૂમ ભાડે રાખવાનુ જણાવી, રૂમ નં–૨૦૩ માં લઈ જઈ ગડદાપાટુનો માર મારી, ચપ્પુ બતાવી ધમકી આપી, કોમ્પ્યુટરનુ મોનીટર કિંમત રૂપિયા ૫,૦૦૦/–, ટીવી કિંમત રૂપિયા ૫,૦૦૦/–, સેમસંગ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦/–, એમ.આઈ.મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩૦૦૦/– તથા હોટલના કાઉન્ટરમાંથી આશરે રોકડ રૂપિયા ૨૦૦૦/– અને લોકરમાંથી આશરે રોકડ રૂપિયા ૭૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/– મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૬૫/૨૦૨૬**

નારણપુરાઃ પ્રશાંત સુરેશભાઇ રાજ્યગુરૂ (ઉ.વ.૩૪)(રહે.પ્રગતિનગર, નારણપુરા) એ તા.૨૦/૦૪/૨૦૨૬ ના કલાક ૧/૦૦ થી સવારના ૫/૦૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની બહાર રોડ ઉપર પાર્કિંગમાં પોતાની હ્યુડાઇ ક્રેટા કાર નંબર જીજે.૨૫.એએ.૩૫૮૮ કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– પાર્ક કરી મુકી હતી. જે કારમાં મુકેલ રોકડ રૂપિયા ૫,૦૦૦/– સાથેની કાર કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ પ્રશાંત રાજ્યગુરૂએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.યુ.તરાલ ચલાવે છે.

ઝેરી જીવજંતુ કરડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૫૬૬/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ સોલા છારોડી ખાતે આવેલ "આર્કેડિયા–111" નામની નવી બનતી કન્સ્ટ્રકશન સાઇટ ખાતે મજુરી કામ કરતા અને ત્યાંજ રહેતા રોહિત સ/ઓ દુસા તોતી (ઉ.વ.૫૫)(મુળ વતન:– બૌડિયા રેફ્યુજી કોલોની, તા.ચક્રધરપુર જી.પશ્ચિમી સિંહભુમ, ઝારખંડ) તા.૧૪/૦૪/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કન્સ્ટ્રકશન સાઇટ ખાતે કોઇ ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૪/૨૦૨૬ રાતના ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

વટવા જીઆઇડીસીઃ અખિલેશ ભોગીરામ ચૌધરી (ઉ.વ.૩૮)(રહે.સત્યનારાયણ સોસાયટી ફેઝ–૦૪ વટવા જીઆઇડીસી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પતરાની છતના લાકડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.સુતરીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી